# Varsha Vigyan Mandal
## વર્ષા વિજ્ઞાન મંડળ
## Junagadh Agricultural University, Junagadh
## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

## <u>વર્ષા વિજ્ઞાન પરિસંવાદ–૨૦૧૩ના તારણો</u>

વર્ષા વિજ્ઞાન મંડળ, જૂનાગઢ તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સંયુકત ઉપક્રમે તા. ૦૩.૦૬.૨૦૧૩ના રોજ જૂનાગઢ ખાતે યોજાયેલ વર્ષા વિજ્ઞાન પરિસંવાદ–૨૦૧૩ના તારણો નીચે મુજબ છે.

પરિસંવાદમાં કુલ ૬૫ આગાહીકારો ની આગાહીનો એક સંપૂટ તૈયાર કરવામાં આવેલ. ઉપસ્થિત ૩૫ જેટલા આગાહીકારો અને ૧૨ જેટલા તજજ્ઞોએ જુદા–જુદા પરીબળો જેવા કે પશુ પક્ષીઓનું વર્તન, ગ્રહ નક્ષત્રની પરીસ્થિતિ, અખાત્રીજ, ઉતરણના દિવસે પવનની દિશા, આકાશમાં ગર્ભ બંધાવો, કસ વિગેરે અને ભડલી વાકયોને આધારે પોતાના અવલોકનો અને અનુભવોની આપલે કરેલ અને પૂર્વાનુમાનની પધ્ધતિઓ રજૂ કરેલ.

સર્વે પૂર્વાનુમાનનો સાર કાઢતા નીચે મુજબના તારણો તારવામાં આવેલ છે.

### <u>તારણો :</u>

- જૂનના બીજા થી ત્રીજા અઠવાડીયામાં સૌરાષ્ટ્રમાં સર્વત્ર વાવણી લાયક વરસાદ થવાની સંભાવના છે.
- જૂલાઈથી ઓગસ્ટના બીજા અઠવાડીયા સુધી સારો વરસાદની સંભાવના છે.
- ઓગસ્ટના ત્રીજા અઠવાડીયા થી સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડીયા દરમ્યાન વાયરુ રહેવાની સંભાવના છે.
- સપ્ટેબરના બીજા અઠવાડીયાથી ઓકટોબરના પ્રથમ અઠવાડીયા સુધી માકસર વરસાદની સંભાવના સાથે ઓકટોમ્બરના બીજા અઠવાડીયાથી ચોમાસુ વિદાયેલ તેવી સંભાવના છે.
- એકંદરે ૩૫ થી ૪૦ ઈંચ વરસાદ થવાની સંભાવના છે. દૂકાળની સંભાવના વ્યકત કરવામાં આવી નથી.
- એકંદરે વરસ ૧૦ થી ૧૨ આની રહેવાની સંભાવના છે.
- જમીન તળમાં શિયાળા પુરતુ પાણી રહેવાની સંભાવના રહે છે.
- આગામી ખરીફમાં ખેડૂતોએ ચોમાસુ પાકોમાં મગફળી, કઠોળ, ઉપરાંત કપાસ, દિવેલા,તુવેર, તથા શિયાળામાં જીરૂ, ઈસબગુલ, ચણા પાકોનું વાવેતર કરવુ હિતાવહ છે.
- રોગ જીવાતનો ઉપદ્રવ પ્રમાણમાં ઓછો રહેવાની સંભાવના જણાય છે. જો કે વીજળી પડવી, સર્પ–વીંછી કરડવાનાં બનાવો બનતા જોવા મળે.

### <u>વિશેષ અનુમાનો :</u>

ચોમાસાની શરૂઆત સારી થાય અને ચામાસાનાં અંતભાગમાં પણ સારો વરસાદ થાય. પરંતુ વચ્ચે વરસાદની ખેંચ વરતાય તેવુ અનુમાન છે.

**ડો. એ. એમ. પારખીયા**
પ્રમુખ અને વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ – ૩૬૨૦૦૧